ગાંધીનગર સમાચાર

તા. ૯-૧૨-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### આયોજનપંચ નવા સ્વરૂપમાં

આ સૃષ્ટિમાં કશું જ કાયમ નથી રહેવાનું, એ શાશ્વત સત્ય માણસથી માંડી સંસ્થા સુધી દરેકને લાગુ પડે છે. જેમ કોઇ પણ દવાને, 'પ્રોડક્ટ'ને એક નિશ્ચિત એક્સ્પાયરી ડેટ હોય છે એમ વિચારને પણ સમયના એક સુનિશ્ચિત તબક્કા સુધી જ સ્વીકૃતિ સાંપડતી હોય છે. સ્વપ્નદૃષ્ટા પંડિત જવાહરલાલ નહેરુએ નવાસવા સ્વતંત્ર થયેલા રાષ્ટ્રના વિકાસની રૂપરેખા કંડારવા માટે ૧૯૫૦ના માર્ચની પંદરમી તારીખે 'આયોજન પંચ' અમલી બનાવ્યું અને પંચવર્ષીય યોજના શરૂ કરી. એક કંગાળ દેશને દુનિયાનાં વિકાસશીલ રાષ્ટ્રોની હરોળમાં આણવા માટેનો ને નહેરુ બ્રાન્ડ પુરૂષાર્થ એળે ગયો છે એમ તો નહીં જ કરી શકાય. પરંતુ સમય સાથે આયોજન પંચની કામગીરી ફક્ત રાજયોને બજેટ ફાળવવા પૂરતી જ રહી ગઇ હતી અને એમાં આવી ગયેલી સ્થગિતતા સામે અર્થશાસ્ત્રીઓથી માંડી રાજકારણીઓ સુધી એક ગર્ભિત અસંતોષ પ્રવર્તી રહ્યો હતો. ખુદ પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને ગ્લોબલાઇઝેશન અને પ્રાઇવેટાઇઝેશનના ખુલ્લા અર્થતંત્ર સંદર્ભે આયોજન મંચ એની મહત્તા અને પ્રાસંગકિતા ગુમાવી રહેતું વરતાતું હતું. આ મુદ્દે અવારનવાર ચર્ચા જરૂર થતી હતી પણ પ્રસ્થાપિત પરંપરાને તોડવા માટે જે દૃઢ સંકલ્પશક્તિ જોઇએ તે કદાચ ડો. મનમોહનસિંહ જેવા નીવડેલા અર્થશાસ્ત્રીમાં નહોતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઇ અર્થશાસ્ત્રી નથી, પરંતુ અરુણ જેટલી અને ભાજપ તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની થિંક ટેન્ક સાથે સંકળાયેલા હોવા ઉપરાંત ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો ચૌદ વરસનો અનુભવે એમને ભવિષ્યના ભારત વિશેનું એક સ્પષ્ટ 'વિઝન' આપ્યું છે. આ 'વિઝન' ને કાર્યાન્વિત કરવાની દૃઢ સંકલ્પશક્તિ એમનામાં અભરે ભરી છે. કાલગ્રસ્ત થઇ ગયેલી અવસ્થાને તોડવા માટે કોઇ મજબૂત હાથ જરૂર હોય છે : સુંદરમ્‌ની કવિતા યાદ આવે છે : 'ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ મારી ભુજા!' મોદીની ભુજામાં એ તાકાત છે, એની પ્રતીતિ આયોજન પંચને ધરમૂળથી બદલવાના એમના સંકલ્પમાં દૃષ્ટિગોચર થાય છે. એથી લાલ કિલ્લા પરથી પહેલી જ વાર ધ્વજારોહણ કરતી વેળાએ એમણે આયોજન મંચને વિખેરી નાખી એની જગ્યાએ વૈકલ્પિક વધુ નક્કર પરિણામલક્ષી વ્યવસ્થા ઊભી કરવાની મંશા જાહેર કરી હતી. કોંગ્રેસ સહિત કેટલાક વિરોધ પક્ષોને એમાં મોદીની એક હથ્થુ શાસનશૈલી દેખાતી હશે, પણ ખુદ રાજીવ ગાંધીએ એમના શાસનકાળ દરમિયાન ઉચ્ચારેલું કડવું સત્ય યાદ કરવા જેવું છે. એમણે કહ્યું હતું કે ઉપરથી રૂપિયો મોકલાવીએ છીએ તે નીચે પહોંચતાં પહોંચતાં પંદર પૈસા બની જાય છે. નાણાંનો આવો બેફામ વહીવટ સુધારવા માટે એના વિતરણની વ્યવસ્થામાં ધરમૂળથી સુધારો કરવાની જરૂર તો એમને પણ દેખાઇ હતી. આ કામ આખરે મોદીના હાથે જ થવાનું નિર્માયું હશે, એમ માનવું જ રહ્યું. કોંગ્રેસે આયોજન પંચ વિખેરી નાખવાના પગલાને બિનલોકશાહી પૂર્ણ ગણાવી જરૂરી પરિવર્તન રાજયો સાથે વીગતે વિશદ્ ચર્ચાવિચારણા કર્યા પછી જ કરવાનું સૂચન કર્યું હોય, પણ ખુદ કોંગ્રેસમાં જ આ મુદ્દે મતભેદ પ્રવર્તે છે. ડો. મનમોહનસિંહે અગાઉ આયોજન પંચની પ્રાસંગિકતા વિશે કરેલ કોમેન્ટનો હવાલો વડાપ્રધાને એમની મુખ્યમંત્રીઓ સાથેની બેઠક વખતે આપ્યો હતો. મોટા ભાગના મુખ્યમંત્રીઓને પણ નવી વ્યવસ્થાની તરફેણ કરી હોવાનું નાણાંપ્રધાન અરૂણ જેટલીએ જણાવ્યું છે. મમતા બેનરજી અને મિઝોરમ, જમ્મુ-કાશ્મીર તથા ઝારખંડના ગેરહાજર રહેલા મુખ્યમંત્રીઓની ગેરહાજરીના કારણો અલગ અલગ છે. એમની ગેરહાજરી સામે કોંગ્રેસની હાજરી અને તમિનલાડુનું સમર્થન સૂચક છે. ગેરહાજર રહેલા રાજયોએ એમના પ્રતિનિધિઓ તો મોકલ્યા જ છે. ઉત્તરપ્રદેશ જેવા વિશાળ રાજયના યુવાન અને ડાઇનેમિક મુખ્યમંત્રીએ નવી વ્યવસ્થા લાગુ કરતાં પૂર્વે રાજયો સાથે ચર્ચા-વિચારણા કરવાનો અને રાજયોને અડધોઅડધ અધિકાર આપવાનો મુદ્દો રમતો મૂકયો છે. દરેક રાજયની પોતાની અલગ પરિસ્થિતિ મુજબ એની જરૂરિયાતોને લક્ષમાં રાખીને યોજનાઓ ઘડાય તે જરૂરી છે. સત્તાના વિકેન્દ્રીકરણનો મુદ્દો રાજય સરકારોને ગમે જ; પરંતુ કેન્દ્ર ત્રિસ્તરીય ટીમ ઊભી કરીને દરેકમાં એક માત્ર વડાપ્રધાન જ ફાઇનલ ઓથોરિટી હોય એવી 'ટીમ ઇન્ડિયા' બનાવા ઇચ્છતું હોય તો સ્વાભાવિક છે કે રાજયોને એવાં ખંડિયાં રાજયો બની, ભીખનું શકોરું લઇ વડાપ્રધાન સમક્ષ કતારમાં ઊભા રહેવાનું ન જ ગમે. આયોજન પંચનું નવું સ્વરૂપ રચી એને 'નીતિ પંચ' જેવા નામે સ્થાપિત કરવા માગતા વડાપ્રધાનને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો અનુભવ થયો છે. પોતે આયોજન પંચની બેઠકમાં રાજયોની સ્વાયત્તતાની તરફદારી કરતા રહેલ મોદી હવે નવી વ્યવસ્થાને આડકતરી રીતે પોતાના જ હસ્તક રાખવાની કવાયત કરી રહ્યા છે, એવો આક્ષેપ કોંગ્રેસ એ તૃણમૂલ કોંગ્રેસ જેવી પાર્ટીઓ દ્વારા થવાનો, એની પરવા કર્યા વગર મોદી એમની કલ્પના મુજબની નવી વ્યવસ્થાને બંધારણીય સ્વરૂપ આપવા કૃત સંકલ્પ લાગે છે. 'ટીમ ઇન્ડિયા'ની એમની કલ્પનામાં વડાપ્રધાન, રાજયોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રનું મંત્રીમંડળ અને અધિકારીઓ સાથે મળીને કામ કરે એવી લોભામણી છતાં વડાપ્રધાનની સર્વોપરિતા સૂચવતી દરખાસ્ત છે. રાજયોને એમની સંપદા ભોગવવાનો વાજબી હક મળે તો ઝારખંડ દેશનું સમૃદ્ધ રાજય બની શકે. ગુજરાતના કરદાતાઓ જે કર ચૂકવે છે એના પ્રમાણમાં કેન્દ્ર પાસેથી મળતી ગ્રાન્ટ ઘણી ઓછી હોય છે. મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આ મુદ્દે સતત અવાજ ઉઠાવતા રહ્યા છે. કેન્દ્ર રાજયોને વિકાસ યોજના માટે નાણાં ફાળવે છે તે કોઇ દયાદાન નથી પરંતુ રાજયોનો અને પ્રજાનો વાજબી હક્ક છે, એ સ્વર જો એમના નવા નીતિપંચનો મધ્યવર્તી વિચાર હશે તો નવું પંચ મોદીશાસનનું યાગદાર પ્રદાન બની રહેશે.



## તરણ સ્પર્ધાના ગુજરાતના વિજેતા તરણવીર કર્મયોગીઓ મુખ્યમંત્રીની મુલાકાતે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અખિલ ભારતીય મૂલ્કી સેવા તરણ સ્પર્ધા ૨૦૧૪-૧૫ માં ગુજરાત રાજયના જે તરણવીરોએ ઉત્કૃષ્ટ દેખાવ દ્વારા મેડલ્સ, પુરસ્કાર મેળવ્યા છે તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આ તરણ સ્પર્ધા તાજેતરમાં ગાંધીનગરમાં જ સંપન્ન થઇ હતી અને ગુજરાત સરકારના વિવિધ વિભાગોના તરણવીર કર્મયોગીઓએ ૧૩ મેડલ્સ તરણની જુદી જુદી સ્પર્ધાઓમાં મેળવ્યા છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનને આજે આ તૈરાકોએ ગાંધીનગર મુખ્યમંત્રી કાર્યાલયમાં -ત્યક્ષ મળીને તેમના આશીર્વાદ અને ભવિષ્યમાં ઉત્કૃષ્ટ દેખાવની શુભકામનાઓ -ાપ્ત કરી હતી.

## આદર્શ નિવાસી શાળામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સે. ૮માં આવેલ આદર્શ નિવાસી શાળા (અ.જા.કન્યા) ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૫૮મા નિર્વાણ દિને સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેમજ વ્યક્તવ્યો અને ભક્તિ-ગીતસંગતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શાળાના વિદ્યાર્થીઓ તેમજ તમામ સ્ટાફ પરિવારે ડૉ. બાબાસાહેબ આંબેડકરના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે શાળાની ધો. ૯ની વિદ્યાર્થીની મનિષા કલેરાએ દલિતોને અધિકારો અપાવવામાં બાબાસાહેબના યોગદાન અંગે વ્યક્તવ્ય રજુ કર્યુ હતુ જ્યારે ધો. ૯ની અન્ય બે વિદ્યાર્થીનીઓએ 'શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો' સૂત્રને દર્શાવ્યું હતું. આ બંને વિદ્યાર્થીની વૈશાલી વાણિયા અને દર્શના વાઘેલાના પ્રયાસને તમામે વધાવી લીધો હતો. ત્યારબાદ ગીતા સોલંકી અને નયના વેગડાએ બાબા સાહેબનો પરિચય આપ્યો હતો તો શીતલ મકવાણા, પૂજા પરમાર અને અરૂણા કલેરાએ ડૉ. બાબાસેહેબના ભજનો-ગીતો રજૂ કર્યા હતા. શાળાના શિક્ષકોએ પણ ડૉ. આંબેડકર અંગે તેમના વિચારો રજુ કર્યા હતા. આ પ્રસંગે શાળા તેમજ છાત્રાલયમાં સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ધો. ૯ની પલક સિંધવે કર્યુહતુ.

## અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૦૧૫નું આયોજન

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરીની અખબારી યાદી મુજબ અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા-૨૦૧૫ માં યોજાનાર હોવાથી તેના પ્રવેશ પત્રો-નિયમો ભાગ લેવા માંગતાઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી બ્લોક નં. ૧૯૦/૨, ગ-૧, સેક્ટર-૩૦ ખાતેથી મેળવી લેવાના રહેશે. આ સ્પર્ધામાં તા. ૩૧મી ડિસેમ્બર-૧૯૯૯ પહેલા જન્મેલ વ્યક્તિ ભાગ લઈ શકશે. આ અંગેના પ્રવેશપત્રો તા. ૨૫મી ડિસેમ્બર સુધીમાં મેળવી પરત કરવાના રહેશે.

## અંડર-૧૯ની ક્રિકેટ મેચમાં હીરામણી શાળાનો વિજય

ગાંધીનગર, તા. ૮

અમદાવાદની ગુજરાત કોલેજના મેદાન પર રમાયેલી અંડલ-૧૯ની ક્રિકેટ મેચમાં હીરામણી શાળાની ટીમે એશિયા ઇંગ્લીશ સ્કૂલને ૪ વિકેટે પરાજય આપ્યો હતો. આ મેચમાં એશિયા ઇંગ્લીશ સ્કૂલની ટીમે પ્રથમ બેટિંગ કરતા ૪૫ ઓવરમાં દેવ વછેટાના ૭૬ રનની સહાયથી કુલ ૧૭૮ રન બનાવ્યાં હતા. હીરામણી શાળાના ધરમ ચંડોળાએ ૩ વિકેટ મેળવી હતી. જીતવા માટે ૧૭૯ના લક્ષ્યાંકનો પીછો કરતાં હીરામણી શાળાની ટીમે ૬ વિકેટે ૧૮૨ રન કર્યા હતા અને ૪ વિકેટે વિજય મેળવ્યો હતો. હીરામણી શાળા વતી રમતા હર્ષિલ શાહે ૪૪, પ્રેમ ઠાકોરે ૪૨ અને ક્ષિતિજ પટેલે ૪૨ રન ફટકાર્યા હતા.





## કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલયમાં વાલીઓની ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર તાલુકાના કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલય ખાતે ભણતા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓની ચિંતન શિબિર યોજાઈ હતી. આ ચિંતન શિબિરમાં વધારાના કોચિંગ વર્ગો તેમજ પ્રેક્ટીસ પરીક્ષાના આયોજનની રૂપરેખા અંગે ચર્ચા-વિચારણા કરાઈ હતી. શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલાના અધ્યક્ષ પદે યોજાયેલ આ ચિંતન શિબિરમાં ચીનુભાઈ પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યાએ વાલીઓને તેમનું બાળક શાળામાં નિયમિત હાજરી આપે તે માટે સહકાર આપવા અપીલ કરી હતી. ચીનુભાઈ પટેલે વિદ્યાર્થીઓના ઘડતરમાં શાળા સાથે વાલીઓની ભૂમિકા અંગે સમજ આપી હતી. નારણભાઈ પટેલે વિદ્યાર્થીઓમાં રહેલા પરીક્ષાના 'હાઉ'ને દૂર કરી સતત પ્રયત્નો વડે સફળતા મેળવવા માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૧૫૦ થી વધુ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે શાળાના પરીક્ષાલક્ષી આયોજનને બિરદાવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...




**ભાવ વધુ ના મળે, સ્વચ્છતા અભિયાન જેટલો જ રેટ ભરો... અહી ફક્ત તમે સ્વચ્છતા અભિયાનમાં જે પોદરા ઉપાડતાં હતાં, તેની 'આગળ' જે હોય, ફક્ત તેને પકડવાનું જ કામ છે.. !**

## 'એસોચૈમ' દ્વારા એજ્યુકેશન એક્સીલન્સ એવૉર્ડ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે, વિશ્વમાં જ્ઞાનનો વિસ્ફોટ તેજગતિથી થઈ રહ્યો છે. વૈશ્વિક સ્તર પર આવી પ્રવર્તનશીલ પરિસ્થિતિને દૃષ્ટિમાં રાખીને શિક્ષણમાં એવા પ્રકારના બદલવાની આવશ્યક્તા રહે છે, જે માત્ર કુશળ માનવશક્તિનું નિર્માણ જ નહીં પણ સામાજિક સરકારની ભાવનાને પ્રોત્સાહિત કરી શકે.

રાજયપાલશ્રીએ આજે અમદાવાદમાં એસોસિએટેડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત એજ્યુકેશન એક્સીલન્સ એવૉર્ડ-૨૦૧૪ વિતરણ સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રની પ્રગતિ એ સામાજિક ઉન્નતિની સાથે સંલગ્ન છે.

શ્રી ઓ. પી. કોહલીએ કહ્યું હતું કે દેશ ઝડપભેર પ્રગતિની કૂચ કરી રહ્યો છે. રાષ્ટ્રના શૈક્ષણિક સંસ્થાનો દ્વારો શિક્ષણમાં નવાન્મેષ માટેની નૂતન કેડીઓ કંડારવી જોઈએ. આ દિશામાં આજે જે પહેલ થઈ છે તે આવકારદાયક છે. તેમણે જણાવ્યું હતું કે ઉદ્યોગો અને શિક્ષણ સંસ્થાનો સમન્વયથી રાષ્ટ્રના વિકાસને વેગવાન બનાવવા માટે એવી કુશળ માનવશક્તિ તૈયાર કરવી જોઈએ, જે દેશના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી બને. આજે દેશની જે શૈક્ષણિક સંસ્થાઓને તેમના જુદા જુદા શૈક્ષણિક અભ્યાસક્રમોમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે તેમને રાજયપાલશ્રીએ અભિનંદન આપ્યા હતા અને શિક્ષણ ક્ષેત્રે અપનાવેલ નવા પ્રયોગો માટે આવકાર્યા હતા. આ સંસ્થાઓએ તેમના ધ્યેયને સિદ્ધ કર્યું છે તે સરાહનીય છે, તેમ પણ તેઓશ્રીએ જણાવ્યું હતું. સ્વામી વિવેકાનંદ કહેતા કે કોઈ પણ રાષ્ટ્રને સારા મનુષ્યની આવશ્યક્તા છે, જે સમાજ માટે સચિંત હોય, સમાજ સાથે સરોકાર રાખતો હોય તે જ સારો મનુષ્ય છે. તેઓ 'મેન મેકીંગ એજ્યુકેશન'ની વિભાવનાને દઝપણે માનતા હતા. મનુષ્યમાં દિવ્યતા હોય છે. શિક્ષણ એવા પ્રકારનું હોવું જોઈએ, જે વ્યવસાયિક કુશળતાની સાથે સાથે સામાજિક દાયિત્વની ભાવનાને પણ ઉજાગર કરે છે.

પ્રારંભમાં 'એસોચૈમ'ના અધ્યક્ષા ભાગ્યેશ સોનેજીએ એજ્યુકેશન એક્સીલન્સ એવૉર્ડ દ્વારા દેશના શૈક્ષણિક સંસ્થાનોને પ્રોત્સાહિત કરવા માટે કરેલ પહલની વિગતો આપી હતી. ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાનોના સમન્વય દ્વારા વિશ્વસ્તરે પરિવર્તનશીલ પરિસ્થિતિને અનુલક્ષીને કુશળ માનવ શક્તિના નિર્માણ માટે નૂતન અભિગમ અપનાવવા માટે સંયુક્ત પ્રયાસો કરાશે.

## પ્રાર્થનારૂપી શક્તિ ભારે આપત્તિની પળે પણ વ્યક્તિને પોતાના આદર્શો પરની શ્રદ્ધા ગુમાવવા દેતી નથી

### વિચારસભા
### પ્રાર્થનાનો પ્રભાવ

- નેહલ જયદીપ ગઢવી

હે પ્રભુ,
અહંકાર, મમતા, રાગ એ બધા
તારી-મારી વચ્ચેના અંતરાયો
વહેલામાં વહેલા દૂર થાઓ,
મને જે કાંઇ શક્તિ આપેલી છે
તેના કણેકણનો ને સમયની ક્ષણેક્ષણનો
ઉત્તમ ઉપયોગ કરી શકું,
જીવનની છેલ્લી ક્ષણ સુધી
તારું નામ લેતો રહું, તારાં કામ કરતો રહું
એટલી સ્વસ્થતા અને જાગૃતિ આપજો.

પ્રાર્થનામાં સ્નાન, ભોજન અને નિંદ્રા એ ત્રણેયની ખૂબીઓ સમાવિષ્ટ છે. ઊંઘથી જે રીતે આ શરીરને આરામ અને ઉત્સાહની અનુભૂતિ થાય તે જ રીતે પ્રાર્થનાથી આ મનને આરામ અને ઉત્સાહ બંનેની પ્રાપ્તિ થાય છે. ભોજનથી શરીરની શુદ્ધિ થાય છે તેમ મનની મલિનતા દૂર કરી પ્રાર્થનાથી મનને શુદ્ધ થાય છે. તો જે રીતે સ્નાન, ભોજન અને નિંદ્રા જેવી દૈનિક ક્રિયાઓ આપણે રાબેતા મુજબ કરીએ તે જ પ્રમાણે મનની શુદ્ધિ અને સ્વસ્થતા માટે નિયમિતરૂપે પ્રાર્તના કરવી એ અનિવાર્ય પ્રવૃત્તિ છે.

શાળાજીવન દરમિયાન કરવામાં આવતી પ્રાર્થના સૌથી ઉત્તમ પ્રકારની પ્રાર્થના હોય છે. એ પ્રાર્થના કરતી વખતે બાળકના મનમાં ઈશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધા અને દૃઢ મનોબળના દર્શન સ્વયં ઈશ્વર પર અનુભવી શકતો હશે! આમ તો સર્વોત્તમ પ્રાર્થના મૌન છે. તેમ છતાં માણસને ઈશ્વરે જીભ આપી હોવાથી તેનો ઉપયોગ તે સ્વાભાવિકપણે જ કરી લે છે. ભાવનગરની શોભા સમાન કવિશ્રી મુકુન્દરાય પારાશર્ય લખે છે તેમ,

''હરિ, મને કોકિલ બનાવી વગડે મેલીયો,
વળી તમે વસંત બનીને વિલસ્યા પાસ,
હવે હું મૂંગો કયમ રહું!''

ઈશ્વરે પ્રાણસ્વરૂપ પ્રથમ ભેટ, સ્નેહરૂપ બીજી ભેટ અને આખરે સમજણ આપીને જે સુંદર મનુષ્યજીવનની ભેટ આપણને આપી તેનો પ્રાર્થનારૂપે ઋણ સ્વીકાર કરીએ. 'કુશન' હોય કે 'બાઈબલ' હોય, 'ગીતા' હોય કે સંતોના ભજન હોય - તે સર્વ પ્રાર્થના આપણી ભાવના પ્રગટ કરે છે. એ બધી વાણી વરસોથી ઘૂંટાતી આવી છે. તેમ જ તેમાં અગાધ શક્તિ પણ રહેલી છે. 'મર્દન ગુણવર્ધનમ્'. હવે માત્ર આ વાણીનો મર્મ પામવાની જરૂર છે, તેને આત્મસાત્ કરવાની જરૂર છે. પ્રાર્થના એ પરીક્ષામાં ગોખાયેલ અભ્યાસક્રમ સમી ન હોવી જોઈએ. જે પ્રાર્થના ગવાય, બોલાય તેનો અર્થ-ચિંતન-મનન સતત આપણા મનમાં ચાલતા રહેવા જોઈએ. તેનો ગૂઢાર્થ અને ભાવાર્થ સમજ્યા બાદ તેનો અમલ કરવાની કોશિશ પણ સતત ચાલતી રહેવી જોઈએ. અને આમ જયારે થાય, ત્યારે પ્રાર્થનાની શક્તિનો અનુભવ આપણને ખુદને પણ અસરકારક રીતે થાય છે. મહાન સર્જક 'ઉશનસ્' ની આ સાદી-સરળ ભાષામાં રહેલી અભિવ્યક્તિને સમજીને આત્મસાત્ કરીએ તો એ એક શ્રેષ્ઠ પ્રાર્થના ચોક્કસપણે સાબિત થઈ શકશે.

''રામની ભોંસમાં, રામની ખેતરવાડીએ જી,
આપણા નામની અલગ છાપ પાડીએ જી.
રામની વાડી ભોગવવી, ભાઇ, હક્કનાં પાઇ નીર;
સૌને વહેંચી ચાખવી આણે રામના ફળની ચીર;
આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી -''

પ્રાર્થનામાં આપણે જે ભજનો ગાઈએ છીએ તેના અર્થની બારીક પરીક્ષા અને છણાવટ દ્વારા જ તેને આત્મસાત્ કરી શકાય. વૈરાગ્યની ખોટી વ્યાખ્યા, પરમાર્થનો ખોટો અર્થ, દુર્બળ નિષ્ક્રિયતા, ચિંતન માટે પ્રતિકુળ એવાં વ્યર્થ વિશેષણો જેવી અનેક જડ માન્યતાઓ અને જૂઠાણાંઓ કેટલાક પ્રપંચી ધર્મગુરુઓ દ્વારાલોકોમાં રૂઢ કરાવવામાં આવ્યા છે. પ્રાર્થના દ્વારા કોઈ ચમત્કાર સર્જાઇ શકે નહિ. પરંતુ, પ્રાર્થના દ્વારા ચોક્કસપણે મનોબળ વધી શકે ખરું! પ્રાર્થનારૂપી શક્તિ ભારે આપત્તિની પળે પણ વ્યક્તિને પોતાના આદર્શો પરની શ્રદ્ધા ગુમાવવા દેતી નથી પ્રાર્થનાને ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ બનાવીએ. પ્રાર્થના દ્વારા પરમપિતા સાથે સીધો સંવાદ કરીએ. આપણે ગાયને બોલાવવા તેના નામનું ઉચ્ચારણ કરીએ તો તે પણ તરત જ આપણી સામે જુએ છે તો પરમકૃપાળુ પરમાત્માને સ્મરીએ તો તે શું આપણા સામું નજર ન નાખે? પ્રાર્થના એટલે ઈશ્વર પાસેથી કોઈ પણ પ્રકારની માગણી કરવી નહિ પરંતુ, તેણે જે આપ્યું છે તેનો આભાર વ્યક્ત કરવો સર્જકશ્ર અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ લખે છે તેમ,

''મેં કયાં કશુંય ઈચ્છ્યું તું મારી પાસે?
ને તોય તેં જલભર્યા વાદળોથી કર્યો મારે શિરે અભિષેક,
ઉષા - સંધ્યાના અલપઝલપ રંગોની સુરખી આંજી મારાં નયનમાં,
પર્વતોમાં સંતાકૂકડી રમતી કેડીઓએ
જીવતું રાખ્યું મારું અકૈવ કુતૂહલ,
પુષ્પોનાં સુમધુર સ્મિતને માનવોની અમી ઝરતી આંખોએ
કયારેક ના કરમાવા દીધાં મારાં સ્વપ્નોને....''

પ્રાર્થનામાં નિયમિતતા હોવી અત્યંત જરૂરી બાબત છે. પ્રાર્થના કરવા માટેનો સમય નિશ્ચિત કરી તે નક્કી કર્યા મુજબ જ રાબેતા પ્રમાણે કરવાથી એ ટેવરૂપ બની શકશે. જો તેમાં બાંધછોડ કરવામાં આવે તો તેની અસરકારતા ઘટતી જણાશે. અને કપરાં કે વિપરીત સંજોગોમાં પણ તટસ્થ રહીને તે જ રૂપે પ્રાર્થના કરવાથી ચોક્કસપણે કોઈ દૈવી શક્તિનો સાથ અનુભવી શકાય છે. કવિશ્રી હસિત બૂચ લખે છે તેમ,

''રાત થયે આ બારીમાં જે છાનીછાની
તારલિયાની
પાંપણ જોઉં સજળ -
એ તમે નહીં, તો કોણ?''

પ્રાર્થનાને સામૂહિક જીવનનો ભાગ બનાવવાનું ગાંધીજીએ આપણને શીખવ્યું. ગાંધીજીના આશ્રમોમાં સામૂહિક પ્રાર્થના તે આશ્રમ જીવનનો એક ભાગ બની ગઈ. 'ગાંધી' નામના આ મહાન સેનાપતિએ દાંડીકૂચના પ્રારંભ સમયે સમૂહમાં કરેલી પ્રાર્થનાની નોંધ દુનિયાભરના લોકોએ લીધી છે. પ્રાર્થના એ પ્રભુ સાથેનો સીધો સંવાદ છે તેવી દૃઢ પ્રતીતિ ગાંધીજીને હતી. આથી જ એક દિવસ જયારે રાત્રીના બહુ મોડું થયું ત્યારે તેઓ પ્રાર્થના કર્યા સિવાય ઊંઘી ગયા તેનો જાણીતો પ્રસંગ છે. મહાદેવભાઈ દેસાઈ નોંધે છે કે ગાંધીજીએ બીજા દિવસે જણાવ્યું કે રાત્રે તેમને યાદ આવ્યું કે તેઓ પ્રાર્થના કર્યા સિવાય સૂઈ ગયા છે. એ યાદ આવતાં જ તેમને કોઈ ગુનો કર્યો હોય તેવી લાગણી થઈ અને તેઓ પરસેવો રેબજેબ થઈ ગયા હતા. પ્રાર્થના નિયમિત રીતે કરવાની કેટલી મોટી અસર આપણા મન અને શરીર પર થતી હશે તેનું જવલંત ઉદાહરણ એ ગાંધીજીનું જીવન છે! માત્ર કાળજીએ વાતની લેવી જરૂરી છે કે પ્રાર્થનાના ઠાલા શબ્દોનું મિકેનીકલી ઉચ્ચારણ ન થાય પરંતુ, તે આપણા અંતરને પણ ભીંજવે! પ્રાર્થના કરનારે સારા ભક્ત થવાની સાથોસાથ સારા નાગરિક બનવું પણ એટલું જ જરૂરી છે. તો આવો, સૌ સાથે મળીને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ! આજના દિવસનાં કર્તવ્યોને તારા વદનની પ્રશન્નતાના પ્રકાશથી અજવાળજે. અમને એવી આસ્થા આપજે કે રોજેરોજના અતિ સામાન્ય કામમાં પણ દિવ્યતા રહેલી છે.